સરકારી આદર્શ નિવાસી શાળાઓમાં ફર્નિચર ખરીદવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૧૫/૮૫૭૫૪૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૨૫/૪/૨૦૧૬**

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૭-૧૨-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧-૬/૨૦૧૫-૧૬-૮૫૬૪ થી ૬૫

<u>ઠ રા વઃ-</u>

અનુસૂચિત જાતિ સરકારી આદર્શ નિવાસી શાળામાં રહેવા-જમવાની, ભણવાની, તથા રમત-ગમતના સાધનો વિગેરે તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. રાજયમાં ચાલતાં અનુસૂચિત જાતિના આદર્શ નિવાસી શાળામાં સ્ટીલ પલંગ લીનન (ફર્નિચર) પેટે કુલ ૮૮૩ પલંગ ખરીદવાની જરૂરીયાત છે. જેથી ફર્નિચર માટે ૦૧ પલંગની કિંમત રૂા.૪૦૦૦/- લેખે ૮૮૩ પલંગના કુલ રૂા.૩૫,૩૨,૦૦૦/-ની નવી બાબત વર્ષ ૨૦૧૫-૧૬ ના બજેટમાં રૂા.૩૫.૩૨ લાખનો સમાવેશ કરવા બાબતે સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં રૂા.૩૫.૩૨ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી સદરહુ નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણ વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગેનાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઇ સુધારેલ અંદાજોમાં રાખવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૬) સરકારશ્રીની પ્રવર્તમાનખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૫- આયોજન મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૧- અનુ.જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર - ૨૨ બીસીકે-૨૮ અનુસૂચિત જાતિ પેટા યોજના મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧ -૪-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( દિક્ષિત જોષી )**
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, અજાક મારફત)
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.-
સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેકટ ફાઇલ.